શ્રી ગણેશાય નમઃ

અમૃતાની મોહીની

13

આવલાનું ખુન

ભાગ—૧ લો

110

પ્રસિદ્ધ કરનાર

ભારતજ્યોતિ કાર્યાલય મનુ મહાર

મણીશંકર દલપતરામ અધ્વર્યુ

ઠા. નાની ફળીયા—સુરત.

આવૃત્તિ પહેલી (સર્વહક્ક સ્વાધીન છે) પ્રત ૨૦૦૦

સુરત. કણપીઠાના ટેકરા ઉપર આવેલા શ્રી "લક્ષ્મી" પ્રીન્ટીંગ પ્રેસમાં હીરાલાલ ચંદુલાલ ત્રીવેદીએ છાપી.

કીંમત ૧ આનો

॥ શ્રી ગણેશાય નમઃ ॥

મુમતાજની મોહીની

યાને

મી૦ બાવલાનું ખુન

—ભાગ પહેલો—

(રાગ હરીગીતમાં) અ.૬-૨-૨૫

ઇશ્કનો-મદ

પરનારીના મોહ પિંજમાં કઇ સિહ નર સપડાય છે,
એ મોહીનીની મુર્તિમાં શિકાર ઇશ્કી થાય છે.
ઇશ્કના ચશ્મા ચઢાવી ઇશ્ક મદમાં ડોલતા,
ખાના ખરાબી થાય તો, પણ ઇશ્કને ના છોડતા, ૧

શાય કે હો રંગ શ્રીમસ્તપણું 'કાતુ' બાણે વાગતા
ઘાયલ થતે તેર મોહબ્બતે જેનું તે શારે લાગતા
એ મોહીનીમાં છે દીવાના મોહ: દીપક દેખતા
પતંગ બનતા ઇશ્કીયે આ દેહને પણ શેકતા
૨

સ્વપાત્ર ને ઠોકર મારી પર પાત્રમાં ભોજન કરે
સ્વશ્વાન સમ બુદ્ધિ બુરી નિજ પાત્રમાં મનડું ઠરે
આશક થયા માશુક પરજે મ્હારી કરીને માનતા
માશુક પર આધીનતા શું!" થશે નવ જાણતા
૩

ગરદન મૂકાવે ખંજર ચલાવે દુશ્મન અધિક થાતા ખરે
એ ઇશ્કમાં જીન્દગી, જીવન જોખી નાઠરે
માટે વિચારો ઇશ્કનો ઇશ્ક—પ્યાલા છે બુરા
ઇશ્ક રંગે જે ચકે તે થાય જીન્દગીથી પૂરા
૪

થોડા દીવસમાં બીજો ભાગ બહાર પડશે

મી. બાવલાનું જીવન

પ્રો. મી. ચોપરાનો અભિપ્રાય

રાગ ઉપર મુજબનો

જુઓ તમાસો આજનો પરનારીમાં મોહ રાખતા
મુમતાઝનું પૂરાણ વાંચો, ઓઇશ્કી સ્વાદો ચાખતા
ધન તજાવે નુર લજાવે વળી જાન કુરબાની થઇ
એ મોહીનીના પાશમાં, આ દેહ પણ છુટી થઇ ૫

ટુંક શબ્દમાં અવલોકતાં, મરહુમનું જીવન કહું
જીવન કથા છે કારમી જીવન જાણો છે સહુ
શ્રીમંતના સપૂત શા૧ આજે જણાયા બાવલા
મુમતાઝના એ પ્યારમાં સ્વર્ગે સિધાવ્યા બાવલા ૬

લલના મહી લાખો તણી હોળી કરીએ પ્રેમમા
એ પ્રેમની પ્રતિમાને માટે નાશ છે સૌ પ્રેમમાં
પિતા હતા અબુના સ્નેહથી સાડી ચાખમાં
વારસામાં મુકીગયા નાણું આડત્રીસ લાખમાં 7

માતા તણા તે લાડકા, નવ પૂત્ર અન્ય તે વીના
એ લાડ ઘેલા બાળની જુઓ બને કેવી બીના
બાબલાનું જીમન જુઓ છે વળી અકુંશ વીના
ઓજસ ને અભિવી પણાના રંગ માંહી છે લીના 8

દીન દીન મહી સ્વચ્છંદા જીવન કોઈનું નવ માનતા
મિત્ર સ્નેહી કે સગાનું લેશ પણ નવમાનતા
નોકર અને ચાકર સાથે અભિમાનમાં તે ડોલતા
નોકર બિચારા શું કરે એક શબ્દ પણના બોલતા 9

એમ ફરતાં સમયજાતાં વિચાર દીલમાં સૌ ધરે
દીલીજણા કીલ્લામહીં બિચારની માગણ ફરે
મેલા અબીજી પૂર છું પણ માન સારૂ આમળે
માનની પદવી ધરતા મેમ્બર થયા ચિતડું ચળે 10

મોટાઈનું એ માન લેવા આશ સિન્ધુમાં તરે
એ આરામમાં ને આશમાં ના આશની બાજી કરે
પણ આશ અમર છે સદા જે આત્મ આશા વાડી છે
પ્રયત્નથી પૂરશાર્થમાં આશા ફળે તે સત્ય છે ૧૧

મોટા તણું તે માન લેવા વાત દીલમાં તે હસે
પૈસા વિનાનો માનવી બોલેતો તેને કો હસે
પૈસા તણા સંતાન જો મુર્ખકે ભોળા થશે
મુરખને જ્ઞાની બતાવી મુરખાઓ પૂજશે ૧૨

કુદરત નો શું કાયદો બધ પૂત્રનો કેવા હશે
નજર નાંખી જો જુઓ તો કુશાણ પણ ચપળ હશે
કોઈ હશે જુગારમાં કે કો હશે રંડી બાજીમાં
કોઇ પાગલ કે દીવાના પણ રહેશે મસકા હાજીમાં ૧૩

કો ઈન્દ્રી કે લપી વીરૂઢીમાં નિચકર્મમાં પૂરા હશે
આપ જીવના સતા આંગળફળ આપતા હશે
ઈશારો છે ક્રિયનો તો પશુ શીક્ષાના ચુકે
શરૂમથી સત્તાથકી જગત શરમેથી મૂકે ૧૪

રાજા તણો રાજા બંને જગતસત્તા તે ધરે
ઇન્સાફ સાચો આપવા પ્રતિપક્ષ તો તે ના કરે
ઇશથી ડરતા રહો સહુ ઇશ સઉનો સાથી છે
જો ઇશને ના માનતા તે જીંદગી આ ઠાલી છે ૧૫

કીર્તિ કાજે શું બન્યુ તે આપ વાંચક જાણજો
સંગત વીના ના શુ અને સંગતથી સૌ માનજો
સોબત સારી હોય તો સોબતના રંગો ચડે
જો નીચ સોબત થાયતો શ્રેષ્ટ પણ નીચે પડે ૧૬

સદગુણી સંપન્ન તે મળે મેથ્યુ સાહેબ તે મળ્યા
ચાલાક કુશળ તે હતા ને કંઇ દુઃખો તો ટળ્યા
ટાઇમ્સ ઑફ ઇન્ડીયા પેપરના તંત્રી હતા
નોકર કરીને રાખતા મેથ્યુ મેનેજર થતા ૧૭

સમય આવે કો સમે સદબોધ તે દેતા હતા
નીતી તણા માર્ગમાં તે દોરતાં ના અટકતા
સુલતાનના એ પ્યારમાં મન કોઇનું ચાલે નહી
મેમ્બર થયા સભા મહી તો ગુણ સઇ આવે નહી ૧૮

ભ્રુકુટી તાણી ભામિની ભ્રમિત ભ્રમરતે હતા
શોરગમ ને નયનમાં તેનેજ તે તો દેખતા
અધીર થઈ ફરતા ફરે, વિહ્વળ ઘેલા બાવલા
સુરત ની મૂર્તિ વિના ના માનતા જગ બાવલા ૧૯

રાજ્ય મહેલમાં રહેતી મુમતાઝ

બાદશાહી ઠાઠમાં મોહીની

(રાગ ઉપર મુજબ)

મન્દીર મહીં મુમતાજ રેતી બાદશાહી ઠાઠમાં
શું ? સ્વર્ગની એ સુંદરી છે મોહીની બહુ ઠાઠમાં
રાજ ભુવનમાં વસે છે રાજની રાજેશ્વરી
એ પ્રેમની પ્રતિમા બની છે ઇશ્કની હૃદયેશ્વરી ૨૦

સુલતાન છે ગુલામ છે જેના નયનના મોહમાં
શું કે ઇન્દ્રની રંભા હશે પરવશ થયા જેના મોહમાં
નોકર અને ચાકર બની [illegible]માં જો દાસીઓ
નોકર અને છે ભાગ્યશાળી ધન્ય પ્રેમી વાસીઓ ૨૧

વેષ વિધ રંગે વસ્ત્રથી બાગાધરે વરાંગના
એ પ્રશસ્ત્રીયોની તાજ છે ઇશ્કી તણી સ્વામાંગના
રાજા તણી કૃપા ખરી દિલ દર્દમં પડેના ખામીયો
મુમતાજની શું ? સાહ્યબી હા પ્રેમ રસતે આમીયો ૨૨

સમય તો વ્યતિત થાતાં કારણ બન્યું શું કારમું
ઇન્દોર ને તે છોડવા કામ કીધું કારમું
શું કારણે ઇન્દોર છોડી મુમતાઝ મુંબઇ ગઇ
ખામી પડી શું કારણે કે મોહીની ચાલી ગઇ. ૨૩

આવે ખરે મુંબાઇ માંહી મોહ ઘેલા ક્યાં નથી
એ મોહમાં ડોલતા માશુક ઘેલા ક્યાં નથી
બાદશાહી ઠાઠ મુકી ઠાઠ પણ ક્યાં કંમ હશે
તકદીર જેનું ઠાડમાં તો ઠાડશું તે કંમ થશે ૨૪

એ મોહીની મુંબઇ પધારી શેઠ મી૦ બાવલા
શેઠની સાથેજ રહેવા આશા આપે બાવલા
હીંમત ધરીયા હોમથી મુમતાજ માટે બાવલા
જાનની પરવા વિના નિડર બન્યા તે બાવલા

ઇશ્કના માસ્ટર બની ને પાઠ આપે બાવલા
પ્રેમ દેલા! શીખજો જીવન બતાવે બાવલા
નામ અમ્મર તે કીધુ સારે નઠારે બાવલા
હિન્દમાં તુજ નામ આજે ગાતા ફરે છે બાવલા ૨૬

“એ નારીયેના પ્રેમમાં વીરનર પશુ તે થઇ ગયા
જુઓ બીચારો ઇશ્કીયો એ ઇશ્ક પ્રેમી થઈ ગયા
ઇશ્કના હા રંગમાં તે રંગેમાં રોળાઇ ગયા
રંગ કેવો લાગતો તે રંગ બતલાવી ગયા ૨૭

જગ મરજીનું જીવન જાણો મોત જગમાં થાય છે
ઇશ્કીયોનું છે જીવન એ ઇશ્કમાં હણાય છે
તારો તરે સિન્ધુ મહી સિન્ધુ માહા તરી જાય છે
પણ કો સમે તે સિન્ધુમાં તરનાર ડુબી જાય છે ૨૮

બંસીથી ફણીધર ડોલે તેમ ડોલતા શું ઇશ્કીયો
મોહીણી બંસી બજાવે તાલ દેતા ઇશ્કીયો
એ મોહીણીના નાદથી વાહ વાહ કરીને બોલતા
ગુલતાન તેના શબ્દથી ઇશ્કી મદે તે ડોલતા ૨૯

ખાના ખરાબી થાયતો પણ ઇશ્કી ઇશ્કમાં રમે
ઇશ્ક કાજે જાન જાવે ચિત્ત તેમાં તો ભમે
ધન હરે જોબન હરે વળી ખાખ થાતી જીન્દગી
પણ ઇશ્કના તે પ્યારમાં ખતમ કરતા જીન્દગી ૩૦

ભિખધારે ભીખ માગે લેખ છે એ પ્રેમમાં
કફની ધરે જેને ફકીરી પણ છે પ્રેમમાં
બુધ્ધિ ખરે બુઢ્ઢી થતી ઉમ્મર મહી બુઢ્ઢા હશે
પણ ઇશ્કના જે છે દીવાના ઇશ્કના બુઢ્ઢા થશે ૩૧

આત્મા અને ઇચ્છાકદી બુઢ્ઢા કદી થાતા નથી
ચીરકાળ જીવે માનવી તો ઇશ્ક પણ જાતો નથી
દેહ બુઢ્ઢો જો બને ને ગાત્ર જો ઢીલા થશે
ઇશ્કના રંગે ચંડેલા ઇશ્ક ઇચ્છા ના જશે ૩૨

કોઇ કર્મથી કો શબ્દથી ઇચ્છા થકી જોતા ફરે
સુતા ભલે તે સ્વપ્નમાં ઇશ્ક નિદ્રામઢી ધરે
પણ જીભમાંહી ઇશ્ક છે ને નયન માંહી ઇશ્ક છે
ગમન કરતાં પંથ માંહી ઇશ્ક પણ તે ઇશ્ક છે ૩૩

"મુમતાઝ મુંબાઇમા રહી કંઇ દીનતો ચાલીગયા"
મોજથી આનંદથીતો દીન. કંઇ ચાલી ગયા
વદનસારૂ બદન સારૂં સુંદરી સેચી સમી
લાખો તણી હેળી કરે એ મોહીણીમાં તો ગમી ૩૪

પ્યારના પ્યાલા બનાવી પીતાને પાતા ખરે
એ ઇશ્કના પ્યાલા મહી ગુલતાનતો બનતા ખરે
પ્રેમ છે ત્યાં પ્રાણ છે ને પ્રેમ મસ્તિમાં રહે
પ્રેમ ઘેલાં બાવલાં એ પ્રેમ રસ પિતા રહે ૩૫

મી૦ બાવલાનું ખુન

મુંબાઇની કોર્ટમાં જયુરી સમક્ષ ચાલેલી તપાસ

(તા. ૫ ૨-૨૫

(રાગ ઉપર મુજબ)

મુંબાઇ તણી કોર્ટમહી એ કેસ જુઓ ચાલતો
એ કેસ શ્રવણ કાજ સોઉ સોઉ જન દીલ ડોલાવતો

કોરટ મહી સૌઉ લોક આવે આંજ મેળો છે ખરો
સઉ સ્નેહી મિત્રો સાથમાં હા સિન્ધુ પૂર શું ? ઉભરયો
૩૬
મોજા ઉછાળા મારતા અમ કોરટ મહી ભીડહીથઇ
ટોળે ટોળાં આવતાં જંનૂ કોરટમાં ચિન્તા થઇ
માનવતણા ઘાઘાટમાં આ કેસ તો કેમ આલશે
જજ અને જ્યુરી વિચારે કેસની શું ગત થશે
૩૭
વિચાર મનમાં ધારતાં વિચાર ઉત્તમ તે કર્યો
પોલીસ બોલાવી જલદીથી પોલીસ ને હુકમ કર્યો
હથીયાર બંધી ફોજઆવી. પોલીસની તે ટુકડી
હુકમ થતાની સાથમાં ઉભી રહી ત્યાં ટુકડી
૩૮
પણ લોક બહુ મેદની ત્યાં કોર્ટ પણ તે શું કરે
કોરટના દ્વારબંધ કરવા કોરટતો હુકમકરે
નિરાશ થાતા માનવી શું ? કેસ આજે બંધ કરે
શ્રોતાજનો ના દીલમાં વિચારતે વાતો કરે
૩૯
સમય જાતાં વાર લાગતાં શાન્તિ મનમાં ના ધરે

કો પામતા નિરાશતો તે કોરટથી પાછા ફરે
શાન્તિના સુચક થાતાં કોરટ કરતી તે વિચાર
બારના ટકોર થાતાં કોરટ ખુરશી થઈ તત્કાળ ૪૦

કેસ ચાલુ ત્યાં થયો હુકમ કર્યો સૌ લાવવા
પોલીસ અને જે સાક્ષીયો લાગ્યા જુબાની આપવા
પ્રથમ પાંચ કે સાત ને બોલાવી કોરટ તો પૂછે
આ કેસ માંહી શુ બન્યું ક્રમ ક્રમ કરીને તે પૂછે ૪૧

હાજર થયેલા કંઇકના નામો વળી છે ટુકમાં
એક પછીથી એકની ચાલી જુબાની ટુકમાં
મેથ્યુ મેનેજર સાહેબ બાવલા સાહેબના
મોટર નોકર પણ હતા અહમદ તે મરહુમના ૪૨

જાંહાંગીરજી મોટર ચલાવે ભાડુતી ધંધો તે કરે
પોલીસ સારજન્ટ બોટકીન્સ હાજર હતા તો ખરે
સર્વના વકીલ હાજર કોર્ટમાં વિરાજતા

ભરચક ભરેલી કોરટે આ કેસ જુબાની આપતા ૪૩

મુમતાઝના વકીલ તે નરીમાન મી૦ તે હતા
મરહુમની માતા તરફથી વકીલ પારેખ તે હતા
મૂમતાઝના બાપ સાવકા ના વકીલ વિજળ કર હતા
આ મુજબ સૌ સૌ તણા ના પક્ષથી હાજર હતા ૪૪

મી૦ મેથ્યુની જુબાની

છુટેલા ગોળી બ્હાર કંમ કમાટ બનાવ

રાક્ષસી હત્યા આફી ખૂન

(રાગ ઉપર મુજબ)

મોટર મહી મૂમતાઝને વળી શેઠ પણ સાથે હતા
મેથ્યુ મેનેજર સાહેબ સાથ થઇ ફરવા જતા
ફરવા તણા સંજોગમાં હાકાળ સંજોગ ખેચતા
હુગીંગ ગાર્ડન પાસજાતાં કર્મ સંજોગ ખેચતાં ૪૫

ગાર્ડન આગળ શું બન્યું, પાછળથી મોટર આવતી
સાઇટની બે સાઇટ થઇ મોટર તે અથડાતીતી

સમાલો કરીને હાંકમારી મમ મોટર ચલાવનારે
તો પણ મોટર પાસ આવી અથડામણી થઈ તે ખરે
૪૬

પ્રતિ પક્ષની મોટર મહી કો આવી ને તે બોલતો
હીન્દી મહી ભાષાથકી શેઠને દબાવતો
એમ વાત કરતાં બાવલાને ધમકી થકી દબાવતો
પાછા વળી છ સાતકે મમ મોટર પાસે આવતા
૪૭

આવતાની સાથમાં તે ગોળીઓ ચલાવતાં
ખુદાની ખાતરરે ભલાના ના ગોળીયો તમછોડતા
કરૂણ સ્વરથી મે કહયું પણ ખુનીયો માને નહી
ઉભો થયો હું ચીસપાડી ઝાલવા હીમત કરી
૪૮

હાથ પકડી હાથ ધર તો પણ હાથમાં ગોળી ચલી
બે શુદ્ધ થઇ ભુમી પડયો એકારમી ગોળી થકી
પછી બાવલા સાહેબ સાથે મારા મારી કંઇ થઇ
દસ બાર ગો. છુટતાં બાવલાની શુદ્ધિ ગઇ
૪૯

બે શુદ્ધ થાતા બાવલા મૂમતાઝની શીગન થઈ

મુમતાઝ પણ ઘાયલ થઇ મુખ રકત વર્ણે તે થઇ
ઇંગ્રેજ અમલદારો અને પોલીસ પણ હાજર થઇ
ખુન તણા ના કેસ કાજે પોલીસ પણ સતેજ થઇ ૫૦


ધન્ય છે મુંબઇની પોલીસ ચાલાકીમાં અજબ ખરે
વફાદાર કંઇ ઇંગ્રેજ નોકર ખુનની તપાસ કરે
જાન જાતાં જીવ સાટે આફતમાં કંદમભરે
ઘાયલ થયેલા માનવી લઇ હાસપિટાલે મોકલે ૫૧

બાવલા મુમતાઝ વિગેરેની દવાઓ થાય છે
પણ કર્મ સંજોગ દીનના આયુષના પૂરા થાય છે
જગતના દરબા માં બાવલા સિધાવીયા
શેઠ સાહેબ બાવલા આ દુનિયા છોડી ગયા ૫૨

સર્વ જુબાની લેઇ લેતાં જયુરીજજ નિશ્ચય કરે
ગોળી મ્હારથી ખુન થયું છે. મી. બાવલાનું તો ખરે
સર્વેનો મત એક થતાં કોરટતો ખતમ થઇ
ખુની કેસના કામમાં આગળ બીના તે શું થઇ
(ભાગ બીજો જુઓ) અપૂર્ણ ૫૩

સ્વચ્છ અને ઉંચા ખોરાક એ તંદુરસ્તીનું મુખ્ય સાધન છે.
માટે એક વખત પધારી ખાત્રી કરશો એજ હમારી ઇચ્છા.

પણ તે ક્યાં ?



ખાસ ધ્યાન રાખવાનું કે ઉંચ કુટુંબના ગૃહસ્થોને
કુલીની સાથે રહેવા તથા જમવાની [illegible] સગવડ રાખી છે.

માલિક

ચાહ, કૉફી તથા મસાલાનું—દુધ સોડા લેમન વિગેરે મળશે.

બાબુભગાન ડી.

ઠે. બરાનપુરી ભાગળ

સુરત

ચારી મગજ ચેવ પુરી [illegible] [illegible] [illegible] ફરમાસ [illegible] મળ

લૉજ, હોટલનું મુખ્ય મથક એ સૂર્યપુરીમાં રાજેશ્વરી
સમજી પૂર્વક આ [illegible] ભાગળપરની ભુવનેશ્વરી.